

# ચકલીનું મોતી





એક ચકલીને ક્યાંકથી એક મોતી મળ્યું.
ચકલીએ તેને પોતાના નાકમાં પહેરી લીધું.



પછી તે રાજાના મહેલ પર જઈને બેસી ગઈ.



તેને ગીત ગાયું, ‘‘હું રાજાથી મોટી, મારા નાકમાં મોતી.’’ આ સાંભળી રાજાને ખૂબ ગુસ્સો આવ્યો.



તેણે પોતાના માણસોને કહ્યું, ''ચકલીનું મોતી છીનવી લો''



તેમણે જઈને ફટથી ચકલી પાસેથી મોતી છીનવી લીધું. મોતી તેમણે રાજાને આપ્યું.



હવે ચકલી બીજું ગીત ગાવા લાગી, " રાજા ભિખારી, મારું મોતી છીનવી લીધું" આ સાંભળી રાજાને શરમ આવી.



રાજાના માણસોએ ચકલીને મોતી પાછું આપ્યું.



મોતી મળવાથી ચકલી ગાવા લાગી, ''રાજા તો ડરી ગયા,
મારું મોતી આપી દીધું'' આ સાંભળી રાજા
તો ગુસ્સામાં લાલ થઈ ગયા.



તેણે ચીસ પાડીને કહ્યું, ‘‘આ બદમાશ ચકલીને પકડી લાવો’’ તેના માણસો ચકલીને પકડવા ગયા.



ચકલી ફરરરર કરીને ઊડી ગઈ. રાજા હાથ ઘસતા રહી ગયા.

# ચકલીનું મોતી

એક ચકલીને ક્યાંકથી એક મોતી મળ્યું. ચકલીએ તેને પોતાના નાકમાં પહેરી લીધું. પછી તે રાજાના મહેલ પર જઈને બેસી ગઈ. તેને ગીત ગાયું, ''હું રાજાથી મોટી, મારા નાકમાં મોતી.'' આ સાંભળી રાજાને ખૂબ ગુસ્સો આવ્યો. તેણે પોતાના માણસોને કહ્યું,''ચકલીનું મોતી છીનવી લો'' તેમણે જઈને ફટથી ચકલી પાસેથી મોતી છીનવી લીધું. મોતી તેમણે રાજાને આપ્યું. હવે ચકલી બીજું ગીત ગાવા લાગી, ''રાજા ભિખારી, મારું મોતી છીનવી લીધું'' આ સાંભળી રાજાને શરમ આવી. રાજાના માણસોએ ચકલીને મોતી પાછું આપ્યું. મોતી મળવાથી ચકલી ગાવા લાગી, ''રાજા તો ડરી ગયા, મારું મોતી આપી દીધું'' આ સાંભળી રાજા તો ગુસ્સામાં લાલ થઈ ગયા. તેણે ચીસ પાડીને કહ્યું, ''આ બદમાશ ચકલીને પકડી લાવો'' તેના માણસો ચકલીને પકડવા ગયા. ચકલી ફરરરર કરીને ઊડી ગઈ. રાજા હાથ ઘસતા રહી ગયા.

એકલવ્ય દ્વારા પ્રકાશિત લોકકથાઓના પુસ્તક 'બુદ્ધિ મોટી કે ભેંસ'ના આભારી છીએ, આ વાર્તાનું મૂળ નામ ''ચકલી અને રાજા'' છે. જેને ''ચકલીનું મોતી'' નામથી પ્રસ્તુત કરવામાં આવી છે.

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

Golden Jubilee
GCERT
1962 - 2012
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને
તાલીમ પરિષદ ગાંધીનગર

આ સાહિત્ય સમગ્ર શિક્ષા અંતર્ગત ૨૦૨૦-૨૧ માટે વિનામૂલ્યે આપવામાં આવે છે. જેના સ્પેસીફીકેશન નીચે મુજબ છે.

અંદરના પેજ - ''૮ પાના.'' ૨૧૦ જી.એસ.એમ. આર્ટ પેપર (પેપર મીલ : જે. કે. મીલ)
કવર પેજ - ''૪ પાના.'' ૩૦૦ જી.એસ.એમ. આર્ટ પેપર (પેપર મીલ : જે. કે. મીલ)
૪+૪ કલર પ્રિન્ટીંગ, સાઈઝ : ૩૦૫ X ૪૫૭ એમ.એમ. બાઈન્ડીંગ : સેન્ટર બાઈન્ડીંગ ( ટુ પીન)